# ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

એનઆઈએ/ડી.ઓ/બી.ઓ........................
સંદર્ભ નં..................તા...................
**રોકડા/ચેક**
તા............... રૂ........................
નં......................
પોલિસી નં.....................................

## દુકાનદારના વીમા માટે પ્રસ્તાવ ફોર્મ

(ફક્ત ઓફિસના ઉપયોગ માટે)

| | | |
|---|---|---|
| વીમો ઉતારનારની ઓફિસનું સરનામું અને કોડ | | |
| વિકાસ અધિકારીનું નામ અને કોડ | | |
| એજન્ટ/દલાલનું નામ અને કોડ | | |
| | **પ્રસ્તાવકર્તાએ ભરવાનું** | |
| ૧. પ્રસ્તાવકર્તાનું નામ (મોટા અક્ષરોમાં) | | |
| ૨. પ્રસ્તાવકર્તાનું સરનામું (મોટા અક્ષરોમાં) તેમજ પિનકોડ | | |
| ટેલિફોન : | ફેક્સ | ઈમેલ : |
| વીમાની મુદત : તા..................ના ૦૦ કલાકથી તા..............ની મધરાત સુધી | | |

| **વિભાગનં.** | **મિલકતનું વર્ણન** | **વીમાની રકમ ₹** | **હજાર દીઠ (mile)દર ₹** | **પ્રીમિયમ ₹** |
|---|---|---|---|---|
| ૧. આગ અને સંલગ્ન જોખમ | **ક - ઈમારત** (ફક્ત 'ક' વર્ગનું બાંધકામ. દુકાનની માલિકી વીમાદારની. સંપૂર્ણ ભોગવટો/અંશતઃ ભોગવટો) | | ૨.૨૫ | |
| | **ખ. સમાવિષ્ટ વસ્તુઓ** (નાણાં, કિંમતી વસ્તુઓ સિવાય)<br>(૧) ફર્નિચર, જડાણ, ફીટિંગ<br>(૨) ........નો વેપારનો સ્ટોક | | ૨.૨૫ | |
| આંતકવાદ | આતંકવાદ માટે વધારાનું વીમાકવચ(વૈકલ્પિક) (વિભાગ ૧ની વીમાની કુલ રકમ)<br>નોંધ : ઉપરની બાબત ક અને ખ હેઠળની વીમાની કુલ રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦ કરતાં વધવી જોઈએ નહિ. ઈમારત/તેની વસ્તુઓ કોઈકને આડગીરો તરીકે આપી છે ? આપી હોય, તો નામ જણાવો. | | ૦.૩૦ | |
| ૨. ઘરફોડી, ખાતર પાડવું | અંદરની વસ્તુઓ : ઉપરના સરનામે આવેલ દુકાનની અંદરની બધી વસ્તુઓ<br>**નોંધ :** અંદરની વસ્તુઓનો વીમો ઉપરની બાબત ૧-ખ હેઠળ દર્શાવેલી કિંમત જેટલી રકમનો હોવો જોઈએ. | | ૨.૫૦ | |
| ૩. નાણાંનો વીમો | (ક) માર્ગસ્થ (intaensit) (કોઈ એક વાહન દીઠ વધુમાં વધુ રૂ. ૧,૦૦,૦૦૦)<br>(ખ) તિજોરીમાં (વિભાગ ૧ હેઠળની વીમાની રકમના ૨ ટકા અથવા રૂ. ૨૦,૦૦૦ એ બેમાંથી જે ઓછું હોય તે.)<br>(ગ) ગલ્લા/કાઉન્ટરમાં (વિભાગ ૧ હેઠળની વીમાની રકમના ૧ ટકા અથવા રૂ. ૧૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે) ફક્ત વેપારના સમય દરમિયાન વીમા-કવચ | | ૨.૫૦<br>૨.૫૦<br>૨.૫૦ | |
| ૪. પેડલ સાઈકલ | મેક / ઉત્પાદનનું નામ \| ઉત્પાદન વર્ષ \| ફ્રેમ નં. \| સંલગ્ન સહાયક સામગ્રી કોઈ હોય તો<br>૧<br>૨<br>૩ | | ૨૦.૦૦ | |
| ૫. પ્લેટ ગ્લાસ | પ્લેટ ગ્લાસનું વર્ણન<br>વિભાગ ૧ હેઠળ વીમાની રકમના ૧ ટકા અથવા રૂ.૧,૦૦,૦૦૦, બેમાંથી જે ઓછું હોય તે | | ૧૦.૦૦ | |
| ૬. નિઓન અને ગ્લો સાઈન (સંપૂર્ણ સાઈનની ચોરી સહિત) | વર્ણન \| વર્ષ \| ચૂકવેલી કિંમત \| ઉત્પાદન વર્ષ<br>(વિભાગ ૧ હેઠળ વીમાની રકમના ૨ ટકા અથવા રૂ. ૨૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે) | | ૧૦.૦૦ | |
| ૭. બેગેજ વીમો | વેપારનાં સેમ્પલ અને વીમાદાર/ભાગીદારની અંગત માલમતા લઈ જવી<br>(વિભાગ ૧ હેઠળ વીમાની રકમના ૨ ટકા અથવા રૂ. ૨૦,૦૦૦, બેમાંથી જે ઓછું હોય તે) | | ૭.૫૦ | |
| ૮. અંગત અકસ્માત | વયજૂથ ૧૬-૭૦)<br>નામ \| ઉંમર \| હાલની અશક્તિ/અશક્તતાની વિગત \| વ્યવસાય લાભના કોષ્ટકનો વિકલ્પ \| એસાઈનીનું નામ અને તેનો સંબંધ<br>૧<br>૨<br>નોંધ : ૧ લાભના કોષ્ટક માટે જુઓ માહિતીનું પાનું<br>૨. મૃત્યુ બાબતમાં લાભ સોંપવા (નીચે જોવા વિનંતી) | | ૭.૫૦ | |
| ૯. વફાદારીની બાંયધરી | (સેલ્સમેન અને કમિશન એજન્ટ સિવાય)<br>નામ \| હોદ્દો \| પગાર (માસિક) \| બાંયધરીની રકમ<br>૧<br>૨<br>(વિભાગ ૧ હેઠળની વીમાની રકમના ૧ ટકા અથવા રૂ. ૧,૦૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે) | | ૧૦.૦૦ | |
| ૧૦. જાહેર જવાબદારી | (ક) જાહેર જવાબદારી (વિભાગ ૧ હેઠળની વીમાની રકમના ૫ ટકા અથવા રૂ. ૫૦,૦૦૦ એ બેમાંથી જે ઓછું હોય તે<br>(ખ) કામદારના વળતરની જવાબદારી નિયોક્તાનું નામ કામનો પ્રકાર માસિક વેતન | | ટેરિફ મુજબ ૦.૫૦ | |
| ૧૧. વેપારમાં રુકાવટ | વિભાગ હેઠળ દર્શાવ્યા પ્રમાણે | વિભાગ ૧-ખ મુજબ | ૨.૫૦ વિભાગ ૧-ખ મુજબ | |

**નોંધ :** (૧) પ્રસ્તાવ કંપનીને સ્વીકાર્યો હોય અને પૂરેપૂરું પ્રીમિયમ ચૂકવ્યું હોય ત્યાં સુધી કંપનીની જવાબદારી શરૂ થતી નથી.
(૨) જગ્યા અપૂરતી જણાય, તો વિગતો માટે અલગ પાનું જોડો.

| | | |
|---|---|---|
| કુલ પ્રીમિયમ | ₹ | |
| બાદ : વટાવ ચાર કરતાં વધારે વિભાગ આવરી લે છે ...... ટકા | ₹ | |
| વત્તા : આતંકવાદ પ્રીમિયમ | ₹ | |
| ચોખ્ખું પ્રીમિયમ | ₹ | |
| વત્તા - સર્વિસટેક્સ ૧૨.૨૪ ટકા | ₹ | |
| કુલ | ₹ | |

હું/અમે આથી જાહેરું કરું છું/કરીએ છીએ કે આમાં સમાવિષ્ટ વિગતો સાચી અને ખરી છે. કોઈ મહત્ત્વની હકીકત ખોટી રીતે જણાવી નથી કે ખોટી રજૂઆત કરી નથી. આ પ્રસ્તાવ સહ-અનુસૂચિ કંપનીની ધોરણસરની પોલિસીનો ભાગ છે અને તે મારી/અમારી અને વીમા કંપની વચ્ચે કરારનો આધાર બનશે. કે આમાં જણાવેલી વીમાની રકમ આમાં દર્શાવેલી મિલકતની સંપૂર્ણ કિંમત દર્શાવે છે.

હું / અમે આથી જાહેર કરું છું/કરીએ છીએ કે ઈમારત અને અંદરની વસ્તુઓ/સમગ્રતયા આવરી લેવા પ્રસ્તુત સ્ટોકની એકંદર કિંમત, તે એક કે વધારે પોલિસી હેઠળ કે તાબાની એક કે બે ઓફિસ હેઠળ હોય તો, રૂ. ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ)થી વધશે નહિ.

**નોંધ :** વ્યક્તિગત દુકાનદારને જ લાગુ પડે.

સ્થળ :

તારીખ

પ્રસ્તાવકર્તાની સહી

## વિભાગ ૮ હેઠળ અંગત અકસ્માત વીમા માટે સુપરતનામા ખંડ

હું............................................................................ આથી મારા મૃત્યુ વખતે ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. એ ચૂકવવાપાત્ર નાણાં ..................................... (વીમાદાર સાથે સંબંધ)ને સુપરત કરું છું. હું વધુમાં જાહેર કરું છું કે તેમની રસીદ કંપની માટે પૂરતી ચુકવણી બનશે.

સ્થળ :

તારીખ

સાક્ષીનું નામ

૧. સહી

૨. સરનામું

પ્રસ્તાવકર્તાનું નામ



n-india3810-4.p65

## દુકાનદારનો વીમો (વીમા-કવચ)

દુકાનદારની વીમા પોલિસી અન્યથા અલગ આવરી લેવાય તેવી સંખ્યાબંધ આકસ્મિક ઘટનાઓને એક પોલિસી હેઠળ એકત્રિત કરીને નાના દુકાનદારોની જરૂરિયાતો પૂરી પાડવા તૈયાર કરવામાં આવી છે. પોલિસીમાં નીચેની બાબતો આવરી લીધી છે :

**વિભાગ ૧ : (ક)** ફક્ત 'ક' વર્ગના બાંધકામવાળી ઈમારત (ખ) અંદરની વસ્તુઓ : (વિસ્ફોટમાં પરિણમતી આગ સહિત), વીજળી, ઘરગથ્થુ સાધનોમાં ગેસનો વિસ્ફોટ, પાણીની ટાંકીઓ, સાધનો અને પાઈપ ફાટી જઈ ઊભરાઈ જવાં, હવાઈ જહાજ અથવા તેમાંથી ફેકાંતી વસ્તુઓ, હુલ્લડ અને હડતાળ, ધરતીકંપ (આગ અને/અથવા આંચકા) દ્વેષપૂર્ણ કામ, પૂર, ડૂબમાં જવું, વાવાઝોડું, ચક્રવાત, જમીન બેસી જવી અને જમીન ધસી પડવી (ખડક ધરી પડવા સહિત), નુકસાન, નુકસાનની અસર.

**બાંધકામ :** ઈમારતમાં પથ્થર/ઈંટો/કોંક્રિટ બ્લોક/એસ્બેસ્ટોસનાં પતરાંનું આવરણ અને/અથવા ધાતુનાં પતરાનું આવરણ/કાચની પેનલ/અંશતઃ કે સંપૂર્ણ ખુલ્લી બાજુ અને આરસીસી ચણતર/એસ્બેસ્ટોસ કોંક્રિટનાં પતરાં/ધાતુનાં પતરાં/ટાઈલ્સ/લાકડાનાં પાટિયાં અથવા આરસીસી પર પાટિયા/લોખંડ લાકડાની ફ્રેમવાળી બહારની દીવાલો રહેશે.

**નોંધ : (૧)** કાચનું પડ સળગી ન ઊઠે એવું સૂકું ઘાસ, સાંઠીઓના છાપરાં વાપરવાની છૂટ છે. (૨) અજવાળિયા માટે થર્મોસેટિંગ રેઝિન ફાઈબરકાચનાં પ્રબલિત પતરાંની છૂટ છે.

**વિભાગ ૨ :** **ઘરફોડી અને ખાતર પાડવું :** બળજબરી અને હિંસક સાધનોથી હુમલો, હિંસા કરીને અથવા વીમાદાર અથવા તેના કોઈ કર્મચારી અથવા વીમાદારના કુટુંબના સભ્ય પર હિંસા આચરીને વીમાદારના જગ્યામાંથી દાખલ થઈને અથવા બહાર નીકળીને ચોરીથી નુકસાન અથવા હાનિ.

**વિભાગ ૩ :** **નાણાંનો વીમો :** માર્ગસ્થ અને / અથવા તિજોરી અને લોખંડનાં કબાટ, રોકડ પેટી અને આવા બીજા સ્થળે તાળાબંધીમાં રાખેલાં નાણાં (વેપારની બધી લેવડદેવડ આવરી લેવી, અનુસૂચિમાં દર્શાવેલી જવાબદારીની મર્યાદાને અધીન રહીને અકસ્માત અથવા દુર્ભાગ્યને કારણે નુકસાન

**વિભાગ ૪ :** **પેડલ સાઈકલ :** આગ, વીજળી, બહારનો વિસ્ફોટ; હુલ્લડ અને/અથવા દ્વેષપૂર્ણ કામ; ધરતીકંપ, આગ અને/અથવા આંચકા, પૂર, ડૂબમાં જવું; વાવાઝોડું, ચક્રવાત; ઘરફોડી, ખાતર પાડવું અને/અથવા ચોરી; બહારના અકસ્માત જેવાં જોખમ તેમજ રૂ. ૧૦,૦૦૦ની મર્યાદાને અધીન રહીને કાયદેસર જવાબદારીને કારણે નુકસાન અથવા હાનિ.

વિશેષ હક (Franschise) : પ્રત્યેક નુકસાન માટે પ્રથમ રૂ. ૧૦ ચૂકવવાપાત્ર નથી, પરંતુ તે રૂ. ૧૦થી વધે, તો કંપની નુકસાન માટે જવાબદાર રહેશે.

**વિભાગ ૫ :** આકસ્મિક તૂટફૂટ સામે, અનુસૂચિમાં દર્શાવેલી જવાબદારીની મર્યાદાને અધીન રહીને નિશ્ચિત **પ્લેટ ગ્લાસ**

**વિભાગ ૬ :** **નિઓન સાઈન/ગ્લો સાઈન :** અનુસૂચિમાં દર્શાવેલી મર્યાદાઓને અધીન રહીને, આગ, આકસ્મિક નુકસાન, દ્વેષભર્યું કામ, ચોરી સામે.

**વિભાગ ૭ :** **બેગેજ :** વીમાદાર અથવા તેના કર્મચારી દ્વારા કરાતા વેપાર સંબંધમાં અકસ્માત અથવા દુર્ભાગ્યથી અનુસૂચિમાં દર્શાવેલી મર્યાદાઓને અધીન રહીને, સાથે રાખેલ બેગેજ અને માલિક, ભાગીદારના અંગત બેગેજને નુકસાન અથવા હાનિ.

**વિભાગ ૮ :** **અંગત અકસ્માત :** અનુસૂચિમાં નામ આપેલી વીમાદાર વ્યક્તિઓને આકસ્મિક, હિંસક, બહારનાં અને દશ્ય સાધનોથી મૃત્યુ અને શારીરિક ઈજા.

**વિભાગનં. ૮ :** અંગત અકસ્માત હેઠળ લાભનું કોષ્ટક નીચે પ્રમાણે છે :

| લાભનં. | વર્ણન | કોષ્ટક | આવરી લીધેલ લાભ | જોખમ જૂથ દર (હજાર દીઠ ₹) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૧ | ફક્ત મૃત્યુ................ ૧૦૦ ટકા | ડી | ૧ | ૦.૪૫ | ૦.૬૦ | ૦.૯૦ |
| ૨. | બે અવયવ, બે આંખ અથવા એક અવયવ, એક આંખને નુકસાન : ૧૦૦ ટકા | | | | | |
| ૩. | એક અવયવ અથવા એક આંખને નુકસાન ............ ૫૦ ટકા | | | | | |
| ૪. | ઉપર દર્શાવ્યા સિવાયની ઈજાઓથી કાયમી સંપૂર્ણ અશક્તતા (PTD) : ૧૦૦ ટકા | સી | ૧થી ૪ | ૦.૭૦ | ૦.૯૦ | ૧.૩૦ |
| ૫. | પોલિસી અનુસૂચિ મુજબ કાયમી અંશતઃ અશક્તતા(PPD)ની ટકાવારી | બી | ૧થી ૫ | ૧.૦૦ | ૧.૨૫ | ૧.૭૫ |
| ૬. | ૧૦૦ અઠવાડિયાં સુધી વીમાની મૂળ રકમના ૧ ટકા લેખે કામચલાઉ સંપૂર્ણ અશક્તતા (TTD) અધિકતમ અઠવાડિક લાભ વધુમાં વધુ રૂ. ૩૦૦૦ રહેશે. | એ | ૧થી ૬ | ૧.૫૦ | ૨.૦૦ | ૩.૦૦ |

## વધારાનું વીમા-કવચ

૧. વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા સુધી (અકસ્માતથી ઊભા થતા) અથવા સ્વીકાર્ય દાવાના ૪૦ ટકા, બેમાંથી જે ઓછું હોય તે ૨૦ ટકા વધારાના પ્રીમિયમથી તબીબી ખર્ચ.

૨. વીમાદારના અકસ્માતને કારણે મૃતદેહને તેના રહેઠાણના સ્થળે લઈ જવાના વીમાની મૂળ રકમના અધિકતમ ૨ ટકા અથવા ₹ ૨,૫૦૦, એ બેમાંથી જે ઓછું હોય તે ખરેખર ખર્ચ.

૩. શિક્ષણ ગ્રાન્ટ : વ્યાખ્યા કર્યા મુજબ અકસ્માતને કારણે વીમાદારના મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અશક્તતા થતાં, કંપની, (ક) વીમાદારને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરનું એક આશ્રિત બાળક હોય, તો વીમાની મૂળ રકમના ૧૦ ટકા, પરંતુ અધિકતમ ₹ ૫૦૦૦ ચૂકવશે. (ખ) વીમાદારને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરનાં એકથી વધારે આશ્રિત બાળકો હોય, તો વીમાની રકમના ૧૦ ટકા જેટલી રકમ અધિકતમ ₹ ૧૦,૦૦૦ને અધીન રહીને ચૂકવશે.

જે વ્યક્તિ વીમાની મૂળ રકમ મેળવવા હકદાર હોય તે જે વ્યક્તિ/વ્યક્તિઓને ઉપર મુજબની ચુકવણી વીમાની મૂળ રકમ સાથે કરવામાં આવશે.

પરંતુ વીમાદાર વ્યક્તિને આવરી લેતા બીજા કોઈ હાલના અંગત અકસ્માત વીમા આવી બધી પોલિસીઓ હેઠળ હોય, તો, આ વિનિયમ હેઠળના કુલ લાભ એક આશ્રિત બાળક હોય તો, વધુમાં વધુ રૂ. ૫૦૦૦ અને એક કરતાં વધારે આશ્રિત બાળકો હોય, તો વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ સુધી મર્યાદિત રહેશે. આમ ચૂકવવાપાત્ર રકમ બધી પોલિસીઓમાં વીમાની મૂળ રકમના પ્રમાણમાં ભોગવવામાં આવશે.

૪. ૧૦ ટકા વટાવ લેખે નીચેનું કુટુંબ પેકેજ વીમા-કવચ

(ક) કમાતા સભ્ય (વીમાદાર વ્યક્તિઓ) અને પતિ/પત્ની કમાતા હોય, તો દરેક વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા

(ખ) પતિ/પત્ની કમાતી ન હોય, તો વીમાની મૂળ રકમના ૫૦ ટકા અથવા ₹ ૧ લાખ, એ બેમાંથી જે ઓછું હોય તે

(ગ) બાળકો (ઉંમર ૫થી ૨૫ વર્ષ) - વીમાની મૂળ રકમના ૨૫ ટકા અથવા ₹ ૫૦,૦૦૦, એ બેમાંથી જે ઓછું હોય તે બાળક દીઠ બાળકો માટેના વીમા-કવચનો લાભ ૧થી ૫ સુધી મર્યાદિત રહેશે.

(વધારાની વિગતો માટે અંગત અકસ્માત (PA) ફોર્મ જોવા વિનંતી.)

**વિભાગ ૯ :** **વફાદારીની બાંયધરી :** વીમાદારના સ્થળવિસ્તારમાં પગારદાર કર્મચારીઓનાં કપટ અથવા અપ્રામાણિકતાના કાર્યને કારણે અનુસૂચિમાં દર્શાવેલી જવાબદારીની મર્યાદાને અધીન રહીને થયેલા નુકસાન સામે.

**વિભાગ ૧૦ :** **જાહેર જવાબદારી :** વીમાદારના સ્થળ વિસ્તારમાં ત્રીજા પક્ષકારને થયેલી શારીરિક ઈજા અથવા વીમાદારના સ્થળ વિસ્તારમાં ત્રીજા પક્ષકારની મિલકતને થયેલ નુકસાન અથવા હાનિ અંગે વીમાદારની જવાબદારી અનુસૂચિમાં દર્શાવેલી જવાબદારીની મર્યાદાને અધીન રહેશે. વળી કામદાર વળતર અધિનિયમ, પ્રાણઘાતક અકસ્માત અને સામાન્ય કાયદા હેઠળ વીમાદારના વેપાર સંબંધમાં રોકાયેલા કર્મચારીઓની જવાબદારી.

**નોંધ :** આતંકવાદનું જોખમ વૈકલ્પિક છે. તે દરેક હજારે રૂ. ૩૦ના દરે આપવામાં આવે છે.

## જૂથ વટાવ
## વિભાગ ૧ - ખ અને ૨ ફરજિયાત છે.

| | | |
|---|---|---|
| ૪થી ૬ વિભાગ વચ્ચે (ટેરિફ દર વિભાગ સહિત) | ૧૫ ટકા | ફક્ત બિન-ટેરિફ દર ૫૨ |
| ૬ કરતાં વધારે વિભાગ (ટેરિફ દર વિભાગ સહિત) હોય ત્યાં ફક્ત બિન-ટેરિફ દર ૫૦ | ૨૦ ટકા | ફક્ત બિન-ટેરિફ દર ૫૨ |

જોખમનો સ્વીકાર : (દષ્ટાંતરૂપ છે સંપૂર્ણ નથી) પોલિસી આની સાથોસાથ વધારામાં યુદ્ધ, આંતરવિગ્રહથી થતાં નુકસાન કે હાનિ તેમજ ઘસારા, તૂટફૂટ, પારિણામિક નુકસાનને આવરી લેતી નથી.

નોંધ : ઉપર જણાવેલ બાબતો અપાતા વીમા-કવચનાં માત્ર વ્યાપક નિર્દેશ છે. વધારાની વિગત માટે કંપનીના કોઈ પણ ઓફિસનો સંપર્ક સાધવો. અરજી કર્યે પ્રીમિયમ જણાવવામાં આવશે.

## રિબેટનો નિષેધ
## (વીમા અધિનિયમ ૧૯૩૮ની કલમ ૪૧)

કોઈ વ્યક્તિ કોઈ પણ વ્યક્તિને પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમ પર કોઈ રિબેટ અથવા ચૂકવવાપાત્ર સંપૂર્ણ કે અંશતઃ કમિશનનું કોઈ રિબેટ ભારતમાં જીવન અથવા મિલકતને લગતા કોઈ પણ પ્રકાર બાબતમાં વીમો લેવા અથવા રિન્યુ કરવા અથવા ચાલુ રાખવા કોઈ વ્યક્તિને લાલચ તરીકે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપશે નહિ કે આપવાનો પ્રસ્તાવ મૂકશે નહિ અથવા પૉલિસી લેતી, રિન્યુ કરાવતી કે ચાલુ રાખતી કોઈ વ્યક્તિ વીમો ઉતારનારના પ્રકાશિત માહિતીપત્ર અથવા કોષ્ટકો અનુસાર મળતા હોય તેવા રિબેટ સિવાય કોઈ રિબેટ સ્વીકારશે નહિ.

૨. આ કલમની જોગવાઈનું પાલન ન કરનાર વ્યક્તિને ₹ ૫૦૦ (પાંચસો) સુધીનો દંડ થઈ શકશે.